**રાજયની પ્રાથમિક શાળાઓના મધ્યાહન ભોજન યોજનાના કેન્દ્રોમાં આઈ.વી.આર.એસ. યોજનાના અમલ માટે એપ્રિલ–૨૦૧૭ સુધીની મુદત લંબાવી આપવા બાબત**

ગુજરાત સરકાર,
ઠરાવ ક્રમાંક : મભય–૧૦૨૦૧૫–જીઓઆઈ(૯)–આર,
શિક્ષણ વિભાગ,
સચિવાલય, ગાંધીનગર
તા. ૦૫/૦૮/૨૦૧૭

__વંચાણે લીધા :__

(૧) શિક્ષણ વિભાગનો તા.૧૮–૬–૨૦૧૬ નો સરખા ક્રમાંકનો ઠરાવ

(૨) કમિશ્નરશ્રી, મધ્યાહન ભોજન યોજનાનો તા.૫–૭–૨૦૧૭ નો પત્ર ક્રમાંક : મભય–અજન–વશી–૯૬૧૮

__ઠરાવ :__

શિક્ષણ વિભાગના સંદર્ભ (૧) ઉપરના તા.૧૮–૬–૨૦૧૬ ના ઠરાવથી રાજયની પ્રાથમિક શાળાઓના મધ્યાહન ભોજન યોજનાના કેન્દ્રોમાં આઈ.વી.આર.એસ. યોજનાનો અમલ કરવા માટે તેમજ સર્વિસ પ્રોવાઈડર નકકી કરવા અને તે અંગેનો તા.૧–૭–૨૦૧૬ થી તા.૩૧–૩–૨૦૧૭ સુધીના સમયગાળા માટેનો રુા.૮૬,૦૨,૪૮૮/- નો ખર્ચ એમ.એમ.ઈ. ની ગ્રાન્ટમાંથી કરવા માટે મંજુરી આપવામાં આવેલ હતી.

સંદર્ભ (૨) ઉપરની કમિશ્નરશ્રી, મધ્યાહન ભોજન યોજનાની દરખાસ્ત અન્વયે આ યોજનાનો સમયગાળો એપ્રિલ–૨૦૧૭ સુધી લંબાવવા અને તેનો ખર્ચ રુા.૫,૪૨,૫૦૮/– મંજુર કરવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

પુખ્ત વિચારણાને અંતે આ યોજના વધુ એક માસ માટે અર્થાત એપ્રિલ–૧૭ સુધી ચાલુ રાખવાની આથી મંજુરી આપવામાં આવે છે અને એપ્રિલ–૨૦૧૭ ના માસના ખર્ચના રુા.૫,૪૨,૫૦૮/– ને એમ.એમ.ઈ.ની ગ્રાન્ટમાંથી ચુકવવાની મંજૂરી આપવામાં આવે છે.

શ્રી પંચાલ
8
1818

આ યોજનાની બચત રકમ એસ.એસ.એ. હસ્તકના એમ.એમ.ઈ. ના અલગ બેન્ક ખાતામાં જમાં કરવાની રહેશે.

આ હુકમો સરખા ક્રમાંકની ફાઈલ ઉપર નાણા વિભાગની તા.૩૧–૭–૨૦૧૭ ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(પકેશ ઠાકોર)
ઉપ સચિવ,
શિક્ષણ વિભાગ

પ્રતિ,

- માન. મંત્રીશ્રી (શિક્ષણ) ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ–૧, સચિવાલય, ગાંધીનગર
- માન. રા.ક.મંત્રીશ્રી (શિક્ષણ) ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ–૧, સચિવાલય, ગાંધીનગર
- અગ્ર સચિવશ્રી (શિક્ષણ) ના રહસ્ય સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- કમિશ્નરશ્રી, મધ્યાહન ભોજન યોજનાની કચેરી, ૧૪/૧, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
- નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણની કચેરી, ગાંધીનગર
- નિયામકશ્રી, ઈન્ડેક્ષ–બી, બ્લોક નં.૧૮/૧, ઉદ્યોગ ભવન, ગાંધીનગર
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, ગુજરાત રાજ્ય, અમદાવાદ/ રાજકોટ
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/ ગાંધીનગર
- નિવાસી ઓડીટ અધિકારીશ્રી, અમદાવાદ/ ગાંધીનગર
- નિયામકશ્રી, સર્વ શિક્ષા અભિયાન, સેક્ટર–૧૭, ગાંધીનગર
- કોમ્પ્યુટર સેલ, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર (વિભાગની વેબસાઈટ ઉપર મુકવા સારુ)
- નાયબ સેકશન અધિકારી સિલેકટ ફાઈલ